ગાંધીનગર સમાચાર

# જયલલિતા જેલની બહાર : સમર્થકોમાં ઉલ્લાસ

ચેન્નાઈ,તા. ૧૮

અન્નાદ્રમુકના નેતા અને તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતા ૨૧ દિવસ સુધી જેલમાં રહ્યા બાદ આજે જેલમાંથી મુક્ત થયા હતા. બેંગ્લોર સેન્ટ્રલ જેલમાંથી જયલલિતાને મુક્ત કરી દેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટ તરફથી શુક્રવારના દિવસે જયલલિતાને શરતી જામીન મળી ગયા હતા. જયલલિતાને લેવા માટે તમિળનાડુના મુખ્યમંત્રી પનીરસેલ્વમ પણ પહોંચ્યા હતા. પોતાના નેતાની મુક્તિથી ઉત્સાહિત જયલલિતાના સમર્થકોએ ઉજવણી કરી હતી. શશીકલા, સુધાકરન અને ઈલાવરાસી પણ જેલમાંથી છુટી ગયા હતા. બે કરોડ રૂપિયાના જામીન અને આટલી જ રકમની બાંહેધરી રજૂ કરવામાં આવ્યા બાદ સ્પેશિયલ જજ માઈકલ ડિકુન્હા દ્વારા જયલલિતાને જામીન આપી દેવામાં આવ્યા હતા. જયલલિતાના વકીલો તરફથી કોર્ટમાં સુપ્રીમ કોર્ટના આદેશની નકલ રજૂ કરવામાં આવી હતી. જયલલિતાની સામે ૧૮ વર્ષથી કેસ ચાલી રહ્યો હતો. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યા બાદ જયલલિતાને મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપવાની ફરજ પડી હતી તેમની જગ્યાએ પનીલસેલ્વમ મુખ્યમંત્રી બની ગયા હતા. જયલલિતા વર્ષોથી કાયદાકીય ગૂંચવણોનો સામનો કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે જામીન આપી દીધા બાદ તેમની મુક્તિ નિશ્ચિત બની હતી. જેલ સંકુલની બહાર અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સેકડો પોલીસ જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. આ જેલ હોસુર પોઈન્ટથી ૨૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જયલલિતાને ગઈકાલે શરતી જામીન મળી ગયા હતા. આ ઉપરાંત તેમના



નજીકના સખી શશીકલાને પણ જામીન મળ્યા હતા. તેમના સંબંધી વી સુધારકરન અને ઈલાવરાસીને પણ જામીન મળી ગયા હતા. જયલલિતાના વકીલોએ તેમની વધુ વય અને આરોગ્યના આધાર પર જામીન આપવા રજૂઆત કરી હતી. સ્પેશિયલ કોર્ટ તરફથી દોષિત ઠેરાવવામાં આવ્યા બાદ જયલલિતાને ચાર વર્ષની સજા ફટકારવામાં આવી હતી. સજા બાદ કર્ણાટક હાઈકોર્ટે જયલલિતાને જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ જયલલિતાએ નવમી ઓકટોબરના દિવસે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

સુપ્રીમ કોર્ટે આ અરજીનો નિકાલ લાવવા માટે ઈન્કાર કર્યો હતો અને મામલાની સુનાવણી ૧૮મી ડિસેમ્બર નક્કી કરી દીધી છે. ગઈકાલે ચીફ જસ્ટિસ એચએલ દત્તુની બેંચે જયલલિતાને રાહત આપવાની સાથે ચેતવણી આપી હતી કે, તે કર્ણાટક હાઈકોર્ટમાં સસ્પેન્સ માંગ કરીને આ મામલાને ખેંચવાના પ્રયાસ ન કરે. બે મહિનાની અંદર એટલે કે ૧૮મી ડિસેમ્બર સુધી હાઈકોર્ટમાં અપીલની સાથે તમામ ચર્ચા સાથે સંબંધિત પેપર રજૂ કરે. જયલલિતાને શરતી આધાર પર જામીન આપવામાં આવ્યા હતા. જયલલિતા ૨૭મી સપ્ટેમ્બરથી જેલમાં હતા. ૧૭મી ઓક્ટોબરના દિવસે અગાઉ સુનાવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયલલિતા અને અન્યોને ભ્રષ્ટાચારના કેસમાં સજા ફટકારવામાં આવી હતી. ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતા અને અન્યોને ૬૬.૬૫ કરોડના અપ્રમાણ સંપત્તિ કેસમાં દોષિત ઠેરવીને ચાર વર્ષની સજા કરાઈ હતી. મુખ્યમંત્રી પનીરસેલ્વમ, કેટલાક પ્રધાનો, કેટલાક સાંસદો અને ધારાસભ્યો જેલની નજીક જયલલિતાને લેવા માટે પહોંચ્યા હતા. ત્યારબાદ જયલલિતા સીધા એચએએલ એરપોર્ટ માટે રવાના થઈ ગયા હતા જ્યાંથી તેઓ ખાસ ફ્લાઈટ મારફતે ચેન્નાઈ પરત ફર્યા હતા.

# ત્રાસવાદીઓ ઉપર દબાણ રાખવાની જવાનોને સૂચના

## આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સમાં સેનાના વડા દલબીરસિંહ સુહાગનું નિવેદન : સુરક્ષા પરિસ્થિતિનું મુલ્યાંકન જરૂરી

નવીદિલ્હી,તા. ૧૮

સેનાના વડા જનરલ દલબીરસિંહ સુહાગે સુરક્ષા પરિસ્થિતિ ઉપર સતત ચાંપતી નજર રાખવા અને પરિસ્થિતિની નિયમિતરીતે ચકાસણી કરવા તેમના કમાન્ડરોને આજે અપીલ કરી હતી. સેનાના વડાએ સુરક્ષા પરિસ્થિતિના મુલ્યાંકન માટે કમાન્ડરોને સૂચના આપી છે. પડોશી દેશોમાં હાલ મોટા ઘટનાક્રમ થઈ રહ્યા છે. શાંતિપૂર્ણ ચૂંટણીની ખાતરી કરવા જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ ઉપર અભૂતપૂર્વ દબાણ જાળવી રાખવા પણ કમાન્ડરોને કહેવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં ચાલી રહેલી આર્મી કમાન્ડર્સ કોન્ફરન્સને સંબોધતા જનરલ સિંહે ઉત્તરપૂર્વમાં પરિસ્થિતિ અંગે સંતોષ વ્યકત કર્યો હતો. દલબીરસિંહ સુહાગે કહ્યું હતું કે, તમામ પરિસ્થિતિને પહોંચી વળવા ભારતીય સેના સંપૂર્ણ સજ્જ છે. બહારની સુરક્ષા પરિસ્થિતિ અંગે વાત કરતા પેટાખંડમાં પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. જેથી દેશની સુરક્ષાને ધ્યાનમાં લઈને તેના ઉપર ધ્યાન આપવાની જરૂર છે. યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી નાટોના સૈનિકો હવે પરત ખેંચવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં દલબીરસિંહ સુહાગનું નિવેદન ખુબ જ મહત્વપૂર્ણ છે. સપ્ટેમ્બર મહિનામાં અમેરિકાની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અફઘાનિસ્તાનમાંથી તેના સૈનિકોને વહેલી તકે અને ઉતાવળમાં પરત ખેંચવા સામે અમેરિકી સરકારને સાવધાન કરી હતી અને ઈરાકમાંથી વહેલી તકે સૈનિકો પરત ખેંચવાના કારણે જે તકલીફ ઉભી થઈ તે તરફ ઈશારો કર્યો હતો.

આંતરિક સુરક્ષા યોજના અંગે સેના વડાએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓ ઉપર તવાઈ જાળવી રાખવામાં આવે તે જરૂરી છે જેથી આગામી ચૂંટણીમાં ખલેલ પહોંચાડવા આતંકવાદીઓ સફળ થઈ શકશે નહીં. જમ્મુ કાશ્મીરમાં ટૂંક સમયમાં જ વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે અને ત્રાસવાદીઓ ભીષણ હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે.

# કાળા નાણા મુદ્દે મોદી સરકાર ગેરમાર્ગે દોરી રહી છે : કોંગ્રેસ


નવીદિલ્હી, તા.૧૮

કાળા નાણાના મુદ્દે લોકોને ગેરમાર્ગે દોરવાનો એનડીએ સરકાર ઉપર આક્ષેપ કરતા કોંગ્રેસે આજે નાણા પ્રધાન અરુણ જેટલીના એવા આક્ષેપને ફગાવી દીધો હતો કે ૧૯૯૫માં તત્કાલિન કોંગ્રેસ સરકાર દ્વારા જર્મની સાથે કરવામાં આવેલી સમજૂતિના કારણે આ મુદ્દે તેના હાથ બંધાઈ ગયા છે. આ આક્ષેપોનો જવાબ આપતા એઆઈસીસીના દૂરસંચાર વિભાગના ચેરમેન અજય માકેને કહ્યું હતું કે, ૧૪ડીટીએએ ખુબ જ ગુપ્ત દસ્તાવેજો પૈકીના છે. અગાઉની એનડીએ સરકાર દરમિયાન પણ તેના ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા તેમાં ત્રણ સુધારા કરવામાં આવ્યા હતા. જો કે, આ મુદ્દામાં નવેસરથી કોઇ તપાસ કરાઈ ન હતી. તેમણે કહ્યું હતું કે, જ્યારે કોઇ સમજૂતિ કરી રહ્યા છે ત્યારે ગુપ્ત બાબતોને કેમ જાળવવામાં આવી ન હતી. હવે યુપીએ ઉપર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તે વખતે ભાજપ સરકારે કેમ વિચારણા કરી ન હતી. ભારત અને જર્મની વચ્ચે ડીટીએએ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ૧૯મી જૂન ૧૯૯૫ના દિવસે કોંગ્રેસ પાર્ટી સત્તા ઉપર હતી. તેમણે કહ્યું હતું કે, નાણા વિભાગની વેબસાઇટ ઉપર પણ રજૂઆત કરવામાં આવી ચુકી છે. આમા દર્શાવવામાં આવ્યું છે કે, સપ્ટેમ્બર અને નવેમ્બર ૧૯૯૬માં સમજૂતિ ઉપર હસ્તાક્ષર થયા હતા તે વખતે કોંગ્રેસ સત્તામાં ન હતી. જો કે તેમણે કહ્યું હતું કે, અરુણ જેટલી ગેરમાર્ગે દોરી રહ્યા છે અને ખોટી વાત કરી રહ્યા છે. માકેને એમ પણ કહ્યું હતું કે, તેમની પાસે વધુ કેટલાક દસ્તાવેજો હોવા જોઇએ. મુખ્ય બાબત એ છે કે, ગુપ્ત જોગવાઈઓ તરફ ભાજપ સરકારે અગાઉ કેમ ધ્યાન આપ્યું ન હતું. નરેન્દ્ર મોદી સરકાર કાળા નાણાના મુદ્દે મુશ્કેલીમાં દેખાઈ રહી છે.

# આજે મહારાષ્ટ્ર અને હરિયાણામાં હજારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો

નવી દિલ્હી,તા. ૧૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની




ચૂંટણીના પરિણામ આવતીકાલે રવિવારે જાહેર કરવામાં આવશે આની સાથે જ છેલ્લા ત્રણ દિવસથી પ્રવર્તી રહેલા સસ્પેન્સનો પણ અંત આવશે. આ ચૂંટણી તમામ રાજકીય પક્ષો ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસ માટે ખુબ મહત્વપૂર્ણ છે. બન્ને રાજ્યોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારની મુખ્ય જવાબદારી સંભાળી હતી જેથી મોદી મેજિક બન્ને રાજ્યોમાં છે કે કેમ તે બાબત આવતીકાલે સ્પષ્ટ થઈ જશે. મહારાષ્ટ્રમાં ૨૮૮ અને હરિયાણામાં ૯૦ બેઠકોની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. આનેક મોટા માથાના ભાવિનો પણ ફેંસલો થનાર છે. આવી સ્થિતીમાં આવતીકાલના પરિણામ પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. તમામ રાજકીય પક્ષો પણ પરિણામની ઉત્સુકતાથીરાહ જોઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર અને હરિયાણામાં સઘન સુરક્ષા વચ્ચે ૧૫મી ઓક્ટોબરના દિવસે શાંતિપૂર્ણ વાતાવરણમાં મધ્યમથી ભારે મતદાન થયું હતું. એક બાજુ હરિયાણામાં રેકોર્ડ ૭૩ ટકાથી વધુ મતદાન થયું હતું. બીજી બાજુ મહારાષ્ટ્રમાં ૬૩થી ૬૫ ટકા વચ્ચે મતદાન થયું હતું. બંને રાજ્યોમાં મતદાન યોજાયા બાદ તમામ રાજકીય પક્ષોએ પોતપોતાની જીતના દાવા કર્યા હતા. મહારાષ્ટ્રમાં ૧૬૯૯ અપક્ષ સહિત ૪૧૧૯ ઉમેદવારોના ભાવિનો ફેસલો આવતીકાલે થનાર છે. કોંગ્રેસે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૨૮૭ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે ભાજપે ૨૮૦ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે શિવ સેનાએ ૨૮૨, એનસીપીએ ૨૭૮ અને એમએનએસે ૨૧૯ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. આ તમામ ઉમેદવારોના ભાવિ આવતીકાલે જાણી શકાશે. હરિયાણમાં ૧૦૯ મહિલા સહિત ૧૩૫૧ ઉમેદાવારોના ભાવિનો આવતીકાલે ફેંસલો થનાર છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ અને હરિયાણામાં ૯૦ બેઠકો માટે મતદાન યોજાયું હતું . ૧૫મી ઓક્ટોબરના દિવસે મતદાન યોજાયા બાદ હવે રવિવારે મતગણતરી યોજાશે. ૨૦૦૯ની ચુંટણીમાં કોંગ્રેસે ૮૨, એનસીપીએ ૬૨, શિવસેનાએ ૪૫, ભાજપે ૪૭ બેઠકો જીતી હતી. મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિની ૨૯ અને અનુસૂચિત જનજાતિની ૨૫ બેઠકો છે. વડાપ્રધાન મોદીએ પણ આક્રમક પ્રચાર કરીને કોંગ્રેસ અને અન્યો પર પ્રહારો કર્યા હતા.હરીફ પાર્ટીઓએ પણ મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસ કર્યા હતા.

# ઓગસ્ટા વેસ્ટલેન્ડ ડીલમાં મહત્વના ડેટા ઉડી ગયા છે

નવી દિલ્હી,તા. ૧૮

ભ્રષ્ટાચારના આરોપો સાથે ઘેરાયેલી દેશની ચર્ચાસ્પદ ઓગસ્ટા વેસ્ટલેન્ડ ડીલ સાથે જોડાયેલા મોટા મામલા દિલ્હી પોલીસ સમક્ષ નોંધાયેલા છે. ૩૬૦૦ કરોડ રૂપિયાના વીવીઆઈપી હેલિકોપ્ટર ખરીદી કૌભાંડ મામલામાં ભ્રષ્ટાચાર સાથે સંબંધિત મહત્વના દસ્તાવેજ જે કોમ્પ્યુટરમાં હતા તે કોમ્પ્યુટરમાંથી આ ડેટા ઉડી જતાં ખળભળાટ મચી ગયો છે. તેના મૂળભૂત હાર્ડડિસ્ક ગાયબ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. રાજકીય ભૂકંપ સર્જનાર આ મામલાની તપાસ ઈડી અને સીબીઆઈ દ્વારા કરવામાં આવી રહી છે. આ કૌભાંડની માહિતી મળ્યા બાદ દિલ્હી પોલીસમાં આઈપીએસની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવીા છે. આ એફઆઈઆરમાં સૌદાબાજીમાં કટકી સાથે જોડાયેલા લોકોના નામનો ઉલ્લેખ કરાયો હતો. દિલ્હી પોલીસના એક અધિકારીએ કેસ નોંધતા જણાવ્યું છે કે, ઈડીના જોઈન્ટ ડિરેક્ટર અનિલ રામટેકે તરફથી તપાસ હાથ ધરવામાં આવી છે. ઉચ્ચસ્તરીય તપાસનો આદેશ સમગ્ર મામલામાં આપી દેવાયો છે.



જયપુરના જવારલ કલા કેન્દ્રમાં ૨૧મા લોકરંગ-૨૦૧૪ ઉત્સવનાં નવમા દિવસે કલાકારોએ અદભુત કલાનું પ્રદર્શન કર્યું હતું. આ ૧૧ દિવસનો વાર્ષિક લોકરંગ ઉત્સવ તા. ૯મી ઓકટોબરે ચાલુ થયો હતો જેમાં ૧૫૦થી વધુ નૃત્યકારો અને સંગીતકારો તેમની કલાના ઓજસ પાથરી રહ્યાં છે.

# ઉત્તરપૂર્વના લોકો માટે ખાસ હેલ્પલાઈન શરૂ

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રીય ગૃહ રાજ્ય પ્રધાન કિરેન રિજ્જુએ આજે જાહેરાત કરી હતી કે, સરકાર ઉત્તરપૂર્વના લોકો ઉપર થઈ રહેલા વંશીય હુમલાઓને રોકવા માટે કટીબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર આ સમગ્ર મામલામાં તપાસ કરવા રચવામાં આવેલી બેઝબરવા કમીટીની ભલામણને અમલી બનાવશે. પ્રધાને કહ્યું હતું કે, ગુડગાંવમાં રહેતા લોકો માટે એક હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈન વંશીય હુમલાઓને રોકવામાં મદદરૂર થશે. તેમણે ઉમેર્યુ હતું કે, ગૃહમંત્રાલય બેઝ બરવાના નેતૃત્વમાં કમીટી દ્વારા કરવામાં આવેલી ભલામણોને યોગ્ય રીતે અમલી બનાવશે. ઉત્તરપૂર્વ પ્રદેશના લોકોની જુદી જુદી ચિંતામાં ધ્યાન આપનાર કમીટીની ભલામણોને અમલી બનાવાશે. બુધવારે રાત્રે સ્થાનિક લોકો દ્વારા નાગાલેન્ડમાંથી ત્રણ યુવાનો પર કરવામાં આવેલા હુમલા બાદ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવા રિજ્જુ ગુડગાંવ પહોંચ્યા હતા. તેઓએ ગુડગાંવના પોલીસ કમિશનર આલોક મિત્તલ સાથે એક કલાક સુધી વાતચીત કરી હતી. જેમાં અન્ય પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતા. તેમણે કહ્યું હતું કે, આ મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંહ સાથે પણ તેઓ વાતચીત કરી ચુક્યા છે. સરકાર આવા હુમલાઓનું પુનરાવર્તન ન થાય તે માટે કટિબદ્ધ છે.

# બેંગ્લોર અને અન્ય ૧૧ શહેરના નામો બદલાશે

બેંગ્લોર, તા.૧૮

બેંગ્લોર અને અન્ય ૧૧ શહેરોમાં નવેસરથી નામ રાખવામાં આવનાર છે. કેન્દ્ર સરકારે બેંગ્લોર અને બેલગામ સહિત ૧૨ શહેરોના નવા નામ રાખવાની મંજુરી આપી દીધી છે. બેંગ્લોરનું નવુ નામ બેંગ્લુરુ છે જ્યારે મેંગ્લોરનું નવું નામ મેંગ્લોરુ રહેશે જ્યારે મૈસુરનું નવું નામ મૈસુરુ રહેશે. બેલ્લારીને સત્તાવાર રેકોર્ડમાં આજ નામથી ઓળખવામાં આવશે જ્યારે બેલગામને નવેસરથી નામ રાખીને તેનું નામ બેલાગાવી રાખવામાં આવશે. હુબલીને હવે હુબ્બલ્લી રાખવામાં આવશે. અન્ય જેના નામ બદલવામાં આવ્યા છે તેમાં વિઝાપુરનું નામ બિજાપુર, કાલાબુરગાઈનું નામ ગુલબર્ગા રાખવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે, કર્ણાટક સરકાર, ભારત સરકારના સર્વે, રેલવે મંત્રાલય, ટપાલ વિભાગ, વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય અને ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા નવા નામોને મંજુરી આપી દેવામાં આવી છે. કેન્દ્રીય ગૃહરાજ્યપ્રધાન કિરેન રિજજુએ આવા નામોને મંજુરી આપી દીધી છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય તરફથી અંતિમ મંજુરી હવે આપવામાં આવશે.

## સ્વદેશીના સંકલ્પનો કોઈ વિકલ્પ નથી

(પાના નં. ૪ નું ચાલુ)

૧૯૪૯થી આરંભાયેલી સ્વદેશી યાત્રા ૧૯૩૦ સુદીમાં અનેક કેડીઓ કંડારતી વણથંભી આગળ વધી રહી છે... આજે પણ, ચાલું છે... કારણ કે એનો કોઈ વિકલ્પ નથી.

ભારતે સ્વદેશી ક્રાયોજેનિક એન્જિન બનાવ્યાં. સ્વદેશી પરમ કમ્પ્યૂટર બનાવ્યું. સ્વદેશી મિસાઈલ બનાવ્યાં અને તાજેતરમાં દિ. ૨૪.૦૯.૨૦૧૪ના રોજ સંપૂર્ણ ભારતીય સંરચનાથી તૈયાર થયેલા મંગળયાને મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ કરી દીધો છે. સ્વદેશી ક્ષેત્રે ભારતની આ અભૂતપૂર્વ સિદ્ધિઓ છે.

માથું ઊંચું કરીને છાતી ફુલાવીને કહી શકીએ છીએ કે 'હમ કિસી કે કમ નહીં!'

અળવિતરા ચીનને પણ આપણે મહાત કરવું હોય તો સમગ્ર દેશવાસીઓનો કેવળ એક સંકલ્પ પૂરતો છે કે અમે ચીનનાં ઉત્પાદનનો બહિષ્કાર કરીશું... પછી એ ગમે તેટલા રૂપાળાં કે લોભામણાં કેમ ન હોય!

સમગ્ર ભારત ચીન માટે એક વિશાળ બજાર છે. ભારતના ભોગે એનું અર્થતંત્ર મજબૂત થતું જાય છે. એ એના સામ્રાજયવાદી ચેનચાળા અને સરહદી તોફાનો ત્યારે જ અટકાવશે કે જયારે ભારતનો નાગરિક એનાં ઉત્પાદનોના મોહપાશમાં ન ફસાવાનો સંકલ્પ કરે.

સ્વદેશી એ આપણો ધર્મ છે. સ્વદેશી એ રાષ્ટ્રનો પ્રાણ છે.

ચાલો, સ્વદેશીના ઉપાસક બનીએ અને સ્વાભિમાનની ચેતના જગાવીએ...

# અંકુશ રેખા ઉપર પાકિસ્તાનો હજુય સતત ગોળીબાર જારી

જમ્મુ,તા. ૧૮

જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં અંકુશ રેખા પર ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબારનો દોર પાકિસ્તાને જારી રાખ્યો છે. પાકિસ્તાની સેના ભારતીય સરહદમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના ઈરાદાથી સતત ગોળીબાર કરી રહી છે. સંરક્ષણ પ્રવકતાએ કહ્યું છે કે પાકિસ્તાની સેના કોઈ પણ ઉશ્કેરમીવગર ગોળીબાર કરી રહી છે. ભારતીય સેનાએ પણ જોરદાર જવાબ આપ્યો હતો. સરહદ પર ગોળીબારને રોકવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં પાકિસ્તાને તેના કૃત્યો જારી રાખ્યા છે. પહેલી ઓક્ટોબર બાદથી પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ભારે ગોળીબાર અને તોપમારામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર વિસ્ફોટક સ્થિતિ રહી છે. આ ગોળીબાર અને તોપમારામાં પહેલી ઓક્ટોબર બાદથી આઠ લોકોના મોત થયા છે અને ૯૫ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલાઓમાં ૧૩ સુરક્ષા જવાનોનો સમાવેશ થાય છે. ગોળીબારના કારણે સરહદી વિસ્તારોમાંથી ૩૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. આ તમામ લોકો રાહત કેમ્પોમાં રહી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સેંકડો મકાનોને ભારે નુકસાન પણ થયું છે. આગામી દિવસોમાં પાકિસ્તાની સૈનિકોના ગોળીબારનો તીવ્ર જવાબ આપવા માટે ભારતીય સેના સંપૂર્ણપણે સજ્જ છે.એવા ગુપ્તચર અહેવાલ મળ્યા છે કે ત્રાસવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરવાની રાહ જોઈ રહ્યા છે.

# યુપી : ચૂંટણી યોજવા શાહે મુલાયમને ફેંકેલો પડકાર

લખનૌ,તા. ૧૮

મહારાષ્ટ્ર અને હરિયાણમાં પરિણામ જાહેર કરવામાં આવે તે પહેલ જ એક્ઝિટ પોલના તારણથી આત્મવિશ્વાસમાં ભરેલા અમિત શાહે હવે ઉત્તરપ્રદેશમાં ચૂંટણી યોજવા સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહને ખુલ્લો પડકાર ફેંકયો હતો. તેમણે કહ્યું હતું કે જો નેતાજી ચૂંટણી યોજશે તો તેમને પરિણામની ખબર પડી જશે. અમિત શાહ સુક્રવારે ભાજપ રાજ્ય એકમ ઓફિસ પર પહોંચ્યા હતા. નવી દિલ્હી પરત ફરત પહેલા તેઓ થોડાક સમય સુધી રોકાયા હતા. નિરાલા નગર ખાતે સરસ્વતી કુંજ ખાતે યોજાઈ રહેલી ત્રણ દિવસીય સંઘની કારોબારીની બેઠકના પ્રથમ દિવસે તેઓ બેઠકમાં હાજર રહ્યા હતા. ઉત્તરપ્રદેશમાં પેટાચૂંટણી દરમિયાન તેમની ૧૧ વિધાનસભા બેઠકોપૈકીની આઠમાંહાર થઈ હતી ત્યારે તેમના આત્મવિશ્વાસ માટેના કારણ અંગે પુછવામાં આવતા શાહે કહ્યુંહતુંકે દરેક સમય એક સ્ટોરી હોતી નથી. યુપીમાં ચૂંટણી લડવા ભાજપ તૈયાર છે. ઉત્તરપ્રદેશમાં ૮૦ પૈકી ૭૧ લોકસભા બેઠકો જીતીને ભાજપે ઈતિહાસ સર્જયાં બાદ ભાજપ પક્ષના ધારાસભ્યો દ્વારા ખાલી કરવામાં આવેલી બેઠકોને જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યું હતુ. લોકસભાની ચૂંટણી દરમિયાન અમિત શાહ ભાજપના ઈન્ચાર્જ હતા. જો કે પેટાચૂંટણી દરમિયાન મોદી અને અમિત શાહ પ્રચાર માટે આવ્યા ન હતા.

# બિહારમાં બે માર્ગ અકસ્માત થતાં છ લોકોના થયેલા મોત

સીતામઢી, તા.૧૮

બિહારના સીતામઢી જિલ્લામાં જુદા જુદા અકસ્માતમાં આજે છ લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, પ્રેમનગર ગામ નજીક નેશનલ હાઈવે-૭૮ ઉપર એક વાહન ટ્રક સાથે અથડાઈ જતાં પાંચ લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. આ કારમાં છ લોકો મુસાફરી કરી રહ્યા હતા. મુઝફ્ફરપુરમાં શ્રીકૃષ્ણ મેમોરિયલ કોલેજ હોસ્પિટલથી સીતામઢી તરફ આવી રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. રુનીસેધપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. ભોગ બનેલા લોકોની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી. અન્ય એક બનાવમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ત્રણ લોકો ઘાયલ થયા હતા. બિહારમાં એક જ દિવસે બે માર્ગ અકસ્માતોમાં છ લોકોના મોત થયા છે અને ઘાયલ થયેલાઓ પૈકી ત્રણની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મૃત્યુ પામેલાઓની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. અકસ્માતોને રોકવા માટે રાજમાર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા ઘણા પગલા લેવાયા હોવા છતાં અકસ્માતો સતત થઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- દેશમાં બધા જ વિમાની મથકો પર ઈબોલાને ચકાસવા માટે પુરતી તૈયારીઓ.
- ઓકિસજનની સમસ્યાને કારણે મંગળ પર માણસનું આયષ્ય ૬૮ દિવસનું જ.
- કેરલના પુર્વ મંત્રી ટી.એચ. મુસ્તફા વીજચોરી કરતા ઝડપાયા.
- યુરોપનું આંધળું અનુકરણ-દ્વિચક્રી વાહનોની હેડલાઈટ દિવસે પણ ચાલુ રહેશે.
- વાપીનો ૧૩ વર્ષનો ગ્રંથ ઠક્કર બન્યો મેન્ટલ કેલક્યુલેશન વર્લ્ડ કપ ચેમ્પિયન.
- જામનગરમાં ૧૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે ઈન્ટરનેશનલ સ્ટેડીયમ બનાવાશે.
- હોંગકોંગમાં પોલીસ દ્વારા દેખાવકારો ઉપર મરચાનો છંટકાવ અનેક ઈજાગ્રસ્ત.
- રણમલપુર ગામે વીજ ટુકડી પર ગ્રામજનોનો હુમલો કર્મચારીઓને ઈજાઓ.
- ફિલ્મ કલાકાર ઓમપુરીને તેમની પત્નીને ભરણ પોષણ પેટે માસિક રૂ ૯૦ લાખ આપવા કોર્ટનો હુકમ.
- સ્મશાનમાં આવ્યા હોય તેમણે મૃતકના બેસણામાં ન આવવું. ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે નવું અભિયાન. સુરતમાં સૌરાષ્ટ્રવાસીઓનો નવો સંકલ્પ.
- અમદાવાદમાં ટેક્ષ મામલે રાજકીય પક્ષોની ઓફીસને સીલ.
- માસ્ટર બ્લાસ્ટર સચીન તેંડુલકરે સાંસદ તરીકે એક ગામ દત્તક લીધું.
- રાજકોટમાં ઘંટીવાળાની પ્રમાણિકતા. દળણાના ડબ્બાના તળીયેથી ૩૫ હજાર મળી આવ્યા. માલિકને પરત કર્યા.
- કપાસના ઉત્પાદનમાં ભારત ચીનને હંફાવશે.
- મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના જીવનસાથી શ્રી મફત કાકાએ મોંના કેન્સરને મ્હાત કર્યું.
- મોદી ક્રેઝ : દિવાળીમાં બજારમાં બાળકોના કપડામાં નવી વેરાઈટી. 'છોટે મોદી' રૂ. ૧૦૦૦માં રેડિમેડ શુટ.
- આજે ૧૯મી ઓકટોબર માનવ ગૌરવ દિન. પૂ. પાંડુરંગ શાસ્ત્રીનો જન્મદિન : સ્વાધ્યાય પરિવાર ઉજવશે.